# મેં જોયેલો ઈશ્વર... બા

સૌથી મોટો સૌથી કીમતી અક્ષર બા,
મેં જોયેલો પહેલ્લો - છેલ્લો ઈશ્વર બા.

હતો તેડકો, એક જ હાથે તેડી લે,
બીજા હાથે ઊંચકી લેતી'તી ઘર બા.

બાપુજીનું મૃત્યુ જોઈ પડી ભાંગી,
બેઠું કરવા ઘર થૈ ગઈ'તી પથ્થર બા.

દૃષ્ટિ - વાતો - રસોઈ - સઘળું મધમીઠું,
પરસેવે નીતરતી જોઈ નિરંતર બા.

એના વિના સાવ અધૂરા સૌ અવસર,
હતી સ્વયં ભુલાઈ ગયેલો અવસર બા.

# બાનો સાડલો

કેટલો મક્કમ છે જર્જર એક બાનો સાડલો,
કૈંક ઉકેલે છે અવસર એક બાનો સાડલો.

ને રસોડાની - પૂજાની છે અજબ ખૂશ્બુભર્યો
આ જગતનો શ્રેષ્ઠ - સુંદર એક બાનો સાડલો.

પૂર્ણ પુરુષોત્તમ બની બાળક લપાઈ જાય જ્યાં,
ક્ષર અને અક્ષરથી સધ્ધર એક બાનો સાડલો.

પ્રેમનું ને હૂંફનું છે એ જ સરનામું અસલ,
હામ ને હિંમતનું બખ્તર એક બાનો સાડલો.

ભલભલા વૈભવ - અમીરી સાવ ઝાંખાં લાગતાં,
સાવ સાદો તોય સધ્ધર એક બાનો સાડલો.

ને અટૂલો એકલો આજેય જ્યાં મૂંઝાઈ જઉં,
થાય બા-બાપુનું છત્તર એક બાનો સાડલો.

# બાનો જન્મદિન

યાદ રાખીને ઊજવતી'તી બધાનો જન્મદિન,
હા, નહોતો યાદ બાને માત્ર બાનો જન્મદિન.

દીપ પ્રગટાવી, કરી પૂજા, વડીલોને નમું,
મીણબત્તીમાં બુઝાયો એ પ્રથાનો જન્મદિન.

ને ફરી પાછું થયું આયુષ્યનું ઓછું વરસ,
ઊજવ્યો સૌએ ફરી મોટા થયાનો જન્મદિન.

એ જ દિવસે બાનું મૃત્યુ ને બધું ભૂલી ગયો,
શું ગણું મનખાના મેળે આવ-જાનો જન્મદિન.

જે મળે બાળક દુ:ખી આપું છું 'મિસ્કીન' ચૉકલેટ,
ઊજવું છું રોજ હું મારા ગજાનો જન્મદિન.

# હું બેઠી છું ને....

કદીય ના ડરવું અંધારે બેઠી છું ને,
ચિંતા ના કરવી તલભારે બેઠી છું ને..

અભણ છેતરાતી - લૂંટાતી છતાંય કહેતી,
'ભોળા'ના ભરપૂર સહારે બેઠી છું ને.

બાપુજી મૂંઝાય આવતા અવસર જોઈ,
બા કહેતી વારે-તહેવારે બેઠી છું ને.

કશું સૂઝે ના હારી-થાકી બેસું પાસે,
હસી પડીને કહેતી ત્યારે બેઠી છું ને.

હિંમત-શ્રદ્ધા પ્રગટાવી દે એના શબ્દો...
"જો... જીવનના હર પડકારે બેઠી છું ને."

ખરું કહું 'મિસ્કીન' એ જ બળ પર જીવું છું,
ફોટામાંથી પણ પોકારે બેઠી છું ને.

# અભણ બાની કમાલ

ઘણાયે ગ્રંથ દુર્લભ સાચવ્યા કાયમ અભણ માએ,
વહાવ્યું જ્ઞાન સૌ સંતાનમાં હરદમ અભણ માએ.

ગરીબીનાં ગણિત ખોટાં પડ્યાં અવસર દીપી ઊઠ્યો,
દિવાળીએ બિછાવી ઓરડે જાજમ અભણ માએ.

હવે એના સ્મરણના કુંભમેળે જોઉં સર્જાતો,
સદા ઝંખ્યો હતો તરવેણી જે સંગમ અભણ માએ.

દવાથી તે દુઆ લગ બહાર-ભીતર જાત સચવાતી,
જીવનના પાઠ કેવા શીખવ્યા મોઘમ અભણ માએ.

પડી'તી કાટ ખાતી દાબડી અકબંધ પૂજામાં,
જડી આવ્યાં જતનથી જાળવ્યાં કંકણ અભણ માએ.v

# ડોશીવૈદું

કામ આવતું અડધી રાતે ડોશીવૈદું,
શાતા દેતું સૌ આઘાતે ડોશીવૈદું.

લોહી નીકળ્યું, ઉધરસ આવી, ચઢી હેડકી,
હાથવગું કૈં વાતે વાતે ડોશીવૈદું.

વહુવારુ મૂંઝાય બાળકો ઉછેરતાં જ્યાં,
ઓસડિયાં પિવડાવે જાતે ડોશીવૈદું.

કૈંક દરદ સાંધાના જૂના સાવ હઠીલા,
દૂર કરી દે હળવી વાતે ડોશીવૈદું.

સૂંઠ, હિંગ, હળદર, મેથીની દવા રસોડે,
બચ્ચાં - બુઢ્ઢાં રોજ પ્રભાતે ડોશીવૈદું.

ઘડી વારમાં ફરી છોકરું હસતું રમતું,
ખડબડ બોખ્ખું હસતું જાતે ડોશીવૈદું.

ક્યાંય જાત ના ભટકી ખોટા દર્દ દવામાં,
હોત અગર મિસ્કીન સમજાતે ડોશીવૈદું.

# બાના સગપણમાં માત્ર બા...

મારાથી પણ ઝાઝી વ્હાલી લાગી'તી બચપણમાં બા,
ડગલે પગલે, વાતે - વાતે હતી સતત ક્ષણ ક્ષણમાં બા.

પૂજા ઘરમાં શાંત, રસોડે મગ્ન, દોડતી રૂમે રૂમ,
રાહ જુએ બાપુની સાંજે ઊભી રહે આંગણમાં બા.

કશી ખબર નહિ ફેશન શું છે? અને સાદગી શું કહેવાય?
યાદ આવતું નથી કદીયે જોતી હો દર્પણમાં બા.

કદીક પૂછું મામા-માસી ક્યાંય પિયરિયું-સગું નહીં?
ઝળઝળિયાંની વચ્ચે દેખાતી બાના સગપણમાં બા.

બુલંદ કંઠે પરસેવાથી રેબઝેબ ગાતી ભજનો,
અમી ભરેલી કોઈ વીરડી જેમ હતી ભવરણમાં બા.

પછી કોઈ યોગીની માફક દ્રષ્ટાભાવે મુક્ત બની
જતા-આવતા શ્વાસો જોયા કરતી'તી ઘડપણમાં બા.

# બાનું શ્રાદ્ધ...
(નઝમ)

આજ અહીંયાં તો વળી કાલ કોઈ બીજા ગામે,
સતત ભટકતો રહું છું અધૂરા સરનામે.

કદીક માવતરનું છત્ર પણ હતું માથે,વાર-
તહેવાર ઊજવતા હતા સૌ સંગાથે.
એ બાળપણના દિવસ સૌ પરીકથા જેવા,
એ ખીચડી ને શાક આજ લાગતા મેવા.

ને ખૂબ ગમતાં'તા બચપણમાં શ્રાદ્ધના દિવસો,
વાશ નંખાય અને થાય ભાવતાં ભોજન.
તમામ પૂર્વજોની વાત ને સ્મરણ ઘરમાં,
બધાં જ પ્રેમ ને શ્રદ્ધાસભર થતા પાવન.

અચૂક દૂધપાક બા બનાવતી ત્યારે,
બધા જ ભાઈ-બહેન ખૂબ સુખેથી જમતાં.
બા ને બાપુ જ્યાં ગયા, ઘર આ ઉતરડાઈ ગયું,
ક્યાંય ચાલ્યા ગયા દિવસો એ ધૂળિયા રમતાં.

વાર-તહેવાર-તિથિ સર્વ ભુલાતું ચાલ્યું,
જ્યાં દિવસ જેવો પડ્યો એમ જિવાતું ચાલ્યું.
એક વણઝારા સમો રોજ નવા ગામે હું,
એય ક્યાં યાદ નીકળ્યો'તો કયા કામે હું.

આજ પરદેશમાં બારીએ કાગડો બોલ્યો,
આજ એકમ છે, શ્રાદ્ધ પક્ષ છે એ જ્યાં જાણ્યું.
આંખ ભીંજાઈ ગઈ ને હૃદય દ્રવી ઊઠ્યું,
યાદ આવી ગયું જે કાંઈ જિવાયું-માણ્યું

આજનો પણ દિવસ અધકચરું જમીને વીત્યો,
બોલ બા! શું કરું? ક્યાંથી હું શ્રાદ્ધ કરવાનો.
તું બધું જાણતી - જોતી જ હશે ઉપ્પરથી,
આ તારો લાડકો સ્મરણોથી પેટ ભરવાનો.

વતનમાં કૈંક ઘરે શ્રાદ્ધ ત્યાં થશે આજે,
કૈંક પુત્રે કર્યું-કરાવ્યું હશે મા કાજે.
નામ રાજેશ હશે પાડ્યું કોઈની માએ,
આજ એને ગણીને પુત્ર કબૂલી લેજે.

# પિતાજીનું સ્મરણ

ઈંટ-ચૂનાનું ઊભું આ ઘર... પિતાજીનું સ્મરણ,
મંત્રમય વાતાવરણ, અંતર પિતાજીનું સ્મરણ.

ને અમાસી રાત અજવાળી બની જાતી તરત,
ઓરડા અજવાળતો અવસર પિતાજીનું સ્મરણ.

એમની આંખે પૂજાની ઓરડીને જોઉં ત્યાં,
વિશ્વ દેખાડે અજબ ભીતર પિતાજીનું સ્મરણ.

શુંય સચવાયું સતત આ બાગના કણકણ મહીં,
ફૂલ શું? ક્યારા તણા પથ્થર પિતાજીનું સ્મરણ.

આંખ ઝળઝળિયાં ભરી જોતી રહી તસવીરને,
આમ મોતીએ કર્યું સાગર પિતાજીનું સ્મરણ.

એમનાં હર કર્મ રસ્તો ચીંધતાં મૂંઝાઉં ત્યાં,
હરકદમ પર જે મળ્યો આદર... પિતાજીનું સ્મરણ.

# એ ઓરડો જુદો છે

ખાંસે છે વૃદ્ધ ફાધર એ ઓરડો જુદો છે,
બેસે છે ઘરના મેમ્બર એ ઓરડો જુદો છે.

એકેક શ્વાસ જાણે ચાલી રહ્યા પરાણે,
ઘરમાં છતાંય બે-ઘર એ ઓરડો જુદો છે.

મહેમાન કોઈ આવે વાતો જૂની સુણાવે,
લાગે કદીક પળભર એ ઓરડો જુદો છે.

ઘરમાં જૂનું જે થાતું બદલાઈ તરત જાતું,
બદલાય ના તસુભર એ ઓરડો જુદો છે.

મૃત્યુ પછી પિતાના ખર્ચો કરી સજાવ્યો,
લાવ્યા ખરીદી ઈશ્વર એ ઓરડો જુદો છે.

# બાપુજી

ખટપટોથી - વિશ્વથી અણજાણ બાપુજી,
મંત્ર - માળા - ગ્રંથમાં રમમાણ બાપુજી.

ડૂબતાને કૈંક તાર્યા પાર ઉતાર્યા,
આજીવન શિક્ષક સ્વરૂપે વહાણ બાપુજી.

થાય મનમાં કેમ ગુસ્સો એ નથી કરતા,
દુષ્ટનું પણ ઝંખતા કલ્યાણ બાપુજી.

સ્હેજ કીધું હોત ઘર આખ્ખું તરી જાતે,
ઓળખાણોની હતી ક્યાં તાણ બાપુજી.

આજ ખોલું છું કબાટો ગ્રંથ સૌ જોતો,
જ્ઞાનીઓ કાજે હતા રસલ્હાણ બાપુજી.

એક દીવો કૈંક પ્રગટાવી શકે દીવા,
દઈ ગયા છે આટલું પરમાણ બાપુજી.

## એ ‘સમજણ’ અને એ ‘સગપણ’ હવે ક્યાં?

ડાહી ડાહી વાત સૌ કરનાર, સમજણ ક્યાં હવે?
રોજ શોધું છું સતત દુઃખમાં એ સગપણ ક્યાં હવે?

ચોતરફ છે ફ્લૅટ ઊંચા ને જીવન પણ ફ્લૅટ છે,
મોગરા ને તુલસીક્યારાનાં આંગણ ક્યાં હવે?

પુસ્તકોનાં - જ્ઞાનના ભારે જ ભારેખમ હૃદય,
ધૂળમાં રમતું સહજ નિર્ભાર બચપણ ક્યાં હવે?

એટલો ક્યાં છે વખત કે થાય ભીતર ડોકિયું,
વાળ-કપડાંથી વધુ દેખાય દર્પણ ક્યાં હવે?

જ્યાં જશું ‘મિસ્કીન’ અટકી ત્યાં જ પૂરું થઈ જશે,
બહાર - અંદર વિસ્તર્યું દેખાય ભવરણ ક્યાં હવે?

# જનનીની જોડ સખી નહિ જડે રે લોલ...

મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ,
એથી મીઠી તો મોરી માત રે,
જનનીની જોડ સખી! નહિ જડે રે લોલ.

પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ,
જગથી જુદેરી એની જાત રે...

અમીની ભરેલી એની આંખડી રે લોલ,
વ્હાલનાં ભરેલાં એનાં વેણ રે...

હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે...

દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ,
શશીએ સિંચેલ એની સોડ્ય રે...

જગનો આધાર એની આંગળી રે લોલ,
કાળજામાં કૈંક ભર્યાં કોડ રે...

ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે...

મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ,
લેતાં ખૂટે ન એની લ્હાણ રે...

ધરતી માતાયે હશે ધ્રૂજતી રે લોલ,
અચળા અચૂક એક માય રે...

ગંગાનાં નીર તો વધે-ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે...

વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે...

ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે...

- દામોદર ખુ. બોટાદકર

# મા-બાપને ભૂલશો નહીં

ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહીં;
અગણિત છે ઉપકાર એના, એહ વીસરશો નહીં.

પથ્થર પૂજ્યા પૃથ્વી તણા ત્યારે દીઠું તમ મુખડું;
એ પુનિત જનનાં કાળજાં પથ્થર બની છૂંદશો નહીં.

કાઢી મુખેથી કોળિયા મોંમાં દઈ મોટા કર્યા;
અમૃત તણાં દેનાર સામે ઝેર ઊગળશો નહીં.

લાખો લડાવ્યાં લાડ તમને કોડ સહુ પૂરા કર્યા;
એ કોડનાં પૂરનારના કોડ પૂરવા ભૂલશો નહીં.

લાખો કમાતો હો ભલે મા-બાપ જેથી ના ઠર્યાં;
એ લાખ નહીં પણ રાખ છે એ માનવું ભૂલશો નહીં.

સંતાનથી સેવા ચહો, સંતાન છો સેવા કરો;
જેવું કરો તેવું ભરો એ ભાવના ભૂલશો નહીં.

ભીને સૂઈ પોતે અને સૂકે સુવાડ્યા આપને;
એ અમીમય આંખડી ભૂલીને ભીંજવશો નહીં.

પુષ્પો બિછાવ્યાં પ્રેમથી જેણે તમારા રાહ પર;
એ રાહબરના રાહ પર કંટક કદી બનશો નહીં.

ધન ખરચતાં મળશે બધું માતાપિતા મળશે નહીં;
એનાં પુનિત ચરણો તણી એ ચાહના ભૂલશો નહીં.

- પુનિત મહારાજ